ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



જયદીપ ત્રિવેદી



પ્રતિમાબેન શાહ
સભ્ય, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ



સૈયદ અફીફ એહમદ
૯૧૭૩૦ ૭૮૪૬૫
૧૩/૧૨/૧૯૯૫ -બી.એસ.સી



દશરથલાલ એ. રામી
નિવૃત્ત - ઈન્ડસ્ટ્રીયલ ઈન્સ્પેક્ટર
મો. ૯૭૨૩૨૭૯૩૭૩

### સૅક્ટર-૪ના નિઃશુલ્ક પતંજલિ યોગ સાત વર્ષનો થયો

# સોમવારે યોગ અને પ્રાણાયામ જાગૃતિ અંગે વિશેષ કાર્યક્રમ

## યોગ અને પ્રાણાયામથી રોગ નિવારણ અંગે માહિતી અપાશે

ગાંધીનગર, તા. ૧૨
ભારત સ્વાભિમાન અને પતંજલિ યોગ સમિતિ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે સૅક્ટર-૪ના જાહેર બગીચામાં નિયમિત ચાલતો નિઃશુલ્ક પતંજલિ યોગ સાત વર્ષની વય વટાવી આઠમા વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છે.

સંસ્થાઓના જિલ્લા મુખ્ય સંગઠન અનિલભાઈ જોષી અને યોગ શિક્ષક પ્રવીણભાઈ ઉદેશા જણાવે છે કે છેલ્લા સાત વર્ષથી પતંજલિ યોગ સમિતિ દ્વારા નિયમિત સવારે ૫.૧૫થી ૬.૩૦ સુધી નિઃશુલ્ક યોગ વર્ગ ચાલે છે, જેનો લાભ મોટી સંખ્યામાં ભાઈ-બહેનો લે છે. આ યોગ વર્ગ તા. ૧૫-૯-૨૦૧૫ના રોજ આઠમા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યો છે તે નિમિત્તે તા. ૧૪ સપ્ટેમ્બર ને સોમવારના રોજ સવારે ૫.૪૫ થી ૭ દરમ્યાન ઉજવણીરૂપે સૅક્ટર-૪ના જાહેર બગીચા ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં યોગ અને પ્રાણાયામથી થતા ફાયદા તેમજ યોગ અને પ્રાણાયામથી રોગ નિવારણ અંગે માહિતી આપવામાં આવશે.

સૌ નાગરિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા અને કાર્યક્રમનો લાભ લેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શેઠ એચ એમ સાર્વજનિક હાઈસ્કૂલ સોજા ખાતે સ્વયંશિક્ષક દિવસ ઉજવાયો



## આદર્શ શિક્ષક આપણને જીવનમાં આગળ વધવા માટે પ્રેરક બળ, યોગ્ય દિશા અને અભિપ્રેરણ પૂરું પાડે છે

ગાંધીનગર, તા. ૧૨
શેઠ એચ એમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના ઉપક્રમે સ્વયં શિક્ષક દિનની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી.

શાળાના પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ પ્રભાવી વસ્ત્રોમાં સજ્જ થઈ શિક્ષણ કાર્ય માટે શાળામાં આવ્યા હતા. ગણિત વિષયશિક્ષક રાકેશભાઈ પ્રજાપતિએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જેવા આદર્શ શિક્ષક આપણને જીવનમાં આગળ વધવા માટે પ્રેરક બળ, યોગ્ય દિશા અને અભિપ્રેરણ પૂરું પાડે છે. આદર્શ શિક્ષક વિદ્યાર્થીના ઉમદા જીવનનો પ્રણેતા બની શકે છે.

સમાજનું ઘડતર કરનાર અને સમાજને સુરક્ષિત રાખવામાં મહત્ત્વનું યોગદાન આપનાર શિક્ષક ભવિષ્યના આધારસ્તંભ એવા આવતીકાલના નાગરિકોનું સંસ્કાર સીંચન અને સર્વાંગી વિકાસ પણ કરે છે. શિક્ષકના પ્રભાવી તથા અસરકારક વ્યક્તિત્વની અમીટ છાપ જીવનભર ભૂંસી શકાતી નથી.

શિક્ષક બનેલા વિદ્યાર્થીઓએ પૂરા દિવસ માટે ઉત્સાહથી અધ્યાપન કાર્ય સંભાળ્યું હતું. અંતે, આચાર્યની ભૂમિકા ભજવનાર વિદ્યાર્થી સાહિલ બારોટ અને અન્ય વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો અન્ય વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યા હતા.

# અમનેય શાકભાજી ખરીદતાં આવડી ગયું !



સહજાનંદ સ્કૂલ ઑફ ઍચીવર, ચિલોડાના કે જી વિભાગ દ્વારા કે જી વિભાગના વિદ્યાર્થીઓને વ્યવહાર-કુશળ બનાવવાના હેતુસર સૅક્ટર-૨૧ ખાતે કાર્યરત શાક માર્કેટની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ નાનકડા વિદ્યાર્થીઓને અહીં ભાવતાલ કરીને શાકભાજીની ખરીદી કરવાની છૂટ પણ આપવામાં આવી હતી. તેમના શિક્ષકોએ તેમની સાથે રહી માર્ગદર્શન અને માહિતી પૂરી પાડી હતી. વિદ્યાર્થીઓ માટે આ નવો અનુભવ આનંદપ્રદ રહ્યો હતો. 'જાતે ખરીદી' કર્યાનો આનંદ એમના ચહેરા પર સ્પષ્ટ વર્તાતો હતો.

# ઍમ બી પટેલ સ્કૂલ ખાતે ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ પ્રાથમિક શાળા ખાતે માર્ગદર્શન ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિર અંતર્ગત ધોરણ-૭ અને ૮ની વિદ્યાર્થીનીઓને શાળામાં શીખવાતા વિભિન્ન વિષયો તેમના વાલીઓ ઘરે સરળતાથી શીખવી શકે તે માટે શાળાના શિક્ષકો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વાલીઓ આ શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા.

શિબિરમાં વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધતામાં એકતા દર્શાવતા સાંસ્કૃતિક નૃત્યો રજૂ કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન અલકાબેન ઍન પટેલ અને વર્ષાબેન ડી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

શિક્ષક હેમાંગીબેન પટેલે સાંપ્રત સમયમાં દીકરીઓનું મહત્ત્વ તથા માતા-પિતાની દીકરી સાથે લાગણીનું ભાવવાહી ગીત રજૂ કરી વાલીઓની દાદ મેળવી હતી. અંતે, આભાર દર્શન જયશ્રીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



ચૌધરી મહિલા કૉમર્સ કૉલેજ ખાતે પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીઓ દ્વારા ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત આનંદપ્રદ રમતોનું વિદ્યાર્થીનીઓએ આયોજન કર્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હીરો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
વૅલકમ બૅક
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
હીરો
૧.૩૦

**સ્ક્રીન-૩**
વૅલકમ બૅક
૧૨.૪૫
હીરો
૪.૩૦, ૭.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
વૅલકમ બૅક
સવારે ૧૧.૦૦
ફૅન્ટમ
૨.૧૫, ૧૦.૦૦
હીરો
૫.૧૫
ટ્રાન્સપૉર્ટર-૪ (હિન્દી)
રાત્રે ૮.૦૦

**સ્ક્રીન-૫**
વૅલકમ બૅક
૨.૦૦, ૫.૦૦
હીરો
૧૦.૦૦, ૮.૦૦

# 'હિરો' : પ્રેક્ષકોની આંખે સૂરજ આથિ(મી)યા

ગાંધીનગરમાં કે ક્યાંય પણ તમે બિલ્ડીંગ-કન્સ્ટ્રક્શન-ઘરની સ્કીમની જાહેરાત તરફ ધ્યાન આપ્યું છે? લખ્યું હોય કે, સ્કીમની ચારેય બાજુ ખુલ્લી જગ્યા, વિશાળ કોમન એરિયા છોકરાંઓ છૂટથી રમી શકે એવો પ્લે-એરિયા, સિક્યોરિટી ગાર્ડ, ક્લોઝ સર્કિટ, ટીવી કેમેરા પોતાનું પાર્કીંગ... આવું બધું લાંબુ લચ્ચ આકર્ષક રીતે લખ્યું હોય, પણ ખરેખર ઘર કેવું છે એ વિષે તો ખૂણામાં ક્યાંક સાવ નાના અક્ષરે જ લખ્યું હોય છે..!

એવું જ ખાનગી સ્કૂલોની જાહેરાતમાં હોય છે. આખો દિવસ બાળકોને સાચવવાના દાવા કરતી સ્કૂલોની જાહેરાતમાં લખ્યું હોય કે, અમારી શાળામાં રમત-ગમતના મેદાનો-સાધનો છે, સ્વીમીંગ પુલ છે, અમે ફલાણા-ફલાણા દિવસો ધામધૂમથી ઉજવીએ છીએ.. ક્યાંય એમ ન લખ્યું હોય કે અમે ભણાવીએ પણ છીએ...!!!

સલમાન ખાન ફિલ્મ્સની નવી ફિલ્મ અને આમ ૩૨ વર્ષ પહેલાં સુપર ડુપર હીટ સાબિત થયેલી સુભાષ ઘાઈની જેકી શ્રોફ-મિનાક્ષી શેષાદ્રીવાળી ફિલ્મ 'હિરો'ની રિ-મેઈક ફિલ્મ 'હિરો'નું પણ આવું જ છે...! આદિત્ય પંચોલી-ઝરીના વહાબના દીકરા સૂરજ પંચોલી અને સુનિલ શેટ્ટી-માના શેટ્ટીની દીકરી આથિયા શેટ્ટીને મુખ્ય ભૂમિકામાં સૌ પ્રથમ વાર રજૂ કરતી ફિલ્મ 'હિરો'માં બીજું બધું ઘણું છે, પરન્તુ ફિલ્મની જાન કહેવાય એવા અભિનેતા-અભિનેત્રી અને અભિનયનો જ મોટો શૂન્યાવકાશ છે. મુખ્ય પાત્રો જ નહીં ફિલ્મનું એક પણ પાત્ર પ્રેક્ષકો સાથે કનેક્ટ જ થઈ શકતું નથી, પરિણામે સવા બે કલાકની આ ફિલ્મ પુરી થાય ત્યારે પ્રેક્ષકો પણ સિનેમાના પરદા જેવા-સાવ કોરા ધાકોર જ બહાર નિકળે છે...!!!

આજથી ૩૨ વર્ષ પહેલાં સુભાષ ઘાઈની ફિલ્મ 'હિરો'એ ધૂમ મચાવી હતી. ૧૯૮૧માં મિસ ઈન્ડિયા થયેલી મિનાક્ષી શેષાદ્રી અને મુંબઈના સામાન્ય ગેરેજ ઑનર જયકીશન શ્રોફ ઉર્ફે જેકી શ્રોફને લીડ રોલમાં લઈને સુભાષ ઘાઈએ ૧૯૮૩માં 'હિરો' બનાવી હતી. ફિલ્મની વાર્તા પણ સુભાષ ઘાઈએ લખી હતી...

પાશા જેવા ખૂંખાર ગુનેગારને નિવૃત્ત આઈ.જી.પી. શ્રીકાંત માથુર સાથે દુશ્મની છે. બદલો લેવા પાશા પોતાનો દીકરો માનેલા ગુંડા-ટપોરી યુવાન અને તેની ગેંગ ધ્વારા શ્રીકાન્ત માથુરની દીકરી રાધાનું અપહરણ કરાવે છે. અપહરણના દિવસો દરમિયાન રાધાને જયકિશન સાથે પ્રેમ થઈ જાય છે. (આલીયા ભટ્ટની ઈમ્તિયાઝ અલીની ફિલ્મ 'હાઈ-વે'માં પણ આમ જ થયું હતું, તેનો ઈતિહાસ ગવાહ છે) રાધાના પ્રેમમાં જય કિશન બુરાઈ છોડી દે છે. ખૂંખાર ગુંડો ભલે હેરાન થાય છે છતાં હાથ નથી ઉપાડતો...! સુધરી જાય છે. આઈ.જી.પી. પિતાજીના લાખ પ્રયત્નો છતાં પણ રાધા તો જયકિશનને જ પ્રેમ કરે છે અને આખરે આઈ.જી.પી. હાથ હેઠા મુકે છે... જય કિશનને સ્વિકારે છે અને રાધા-કિશન એક થાય છે...

જૂની 'હિરો'ની સુભાષ ઘાઈની લખેલી આ મૂળ વાર્તાને નવા જમાનાના ફિલ્મ દિગ્દર્શક નિખિલ અડવાણીએ ઉમેશ બિસ્ત સાથે મળીને રિ-રાઈટ કરી છે. સુભાષ ઘાઈએ હમણાં એક ઈન્ટરવ્યુમાં એમ કહ્યું હતું કે, 'નવી 'હિરો''ની સ્ક્રીપ્ટને ફિલ્મોની વર્તમાન જરૂરિયાતના ઢાંચામાં ઢાળવાનો પ્રયત્ન કરાયો છે, તેનાથી હું સંતુષ્ટ છું...' કદાચ સલમાન ખાન ભાઈ સાહેબે આ ફિલ્મનું રિ-પ્રોડક્શન હાથમાં લીધું એટલે કદાચ સુભાષ ઘાઈએ સંતુષ્ટ થવું પડ્યું હોય, પરન્તુ પ્રેક્ષકોને સંતુષ્ટ કરવા સહેલા નથી!!!

સૂરજ પંચોલી અને આથિયા શેટ્ટીને ઈન્ટ્રોડ્યુસ કરતી 'હિરો' નવી પેઢી માટે નવી જ ફિલ્મ છે. વર્તમાન પ્રેક્ષકોને જેકી શ્રોફ વાળી 'હિરો' સાથે કંઈ જ લેવા દેવા નથી એટલે જૂની 'હિરો'ના રેફરન્સ વિના જ વાત કરીએ તો આ ફિલ્મમાં એક્શન, ડાન્સ, ભવ્ય સેટિંગ્સ, અદ્‌ભૂત લોકેશન્સ અને અદ્યતન ટેક્નોલૉજી હોવા છતાં આ ફિલ્મમાં કંઈક-ઘણું બધું ખૂટે છે...!

સલમાન કે હૃતિક કે શાહરૂખની માફક સિક્સ પૅક હોવા માત્રથી જ પ્રેક્ષકો સ્વિકારી લેતા નથી...! અક્ષયકુમારની જેમ એક્શન કુમાર હોઈએ કે અજય દેવગણની જેમ સિંઘમ થઈ જવાથી સફળતા મળતી નથી... સફળતા માટે અભિનયનો એકડો પહેલા ઘૂંટવો પડે છે. એક વાર અભિનયની એરણ પર પોતાની જાતને પાર ઉતારો પછી સલમાન કે શાહરૂખ તરીકે પરદા પર પ્રેક્ષકો આવકારી લેતા હોય છે. નવોદિત અભિનેતા સૂરજ પંચોલી નવોદિત અભિનેત્રી આથિયા શેટ્ટી અભિનયમાં એટલા નબળા છે કે એમને આવકારવા ગમે તેટલા ઉદાર પ્રેક્ષક માટે પણ આસાન નથી!

સઈદ મિરઝા, સુધીર મિશ્રાના આસીસ્ટન્ટ તરીકે અર્થસભર ફિલ્મો અમને કરણ જોહર, આદિત્ય ચોપરાના આસીસ્ટન્ટ તરીકે 'કુછ કુછ હોતા હૈ' અને 'કભી ખુશી કભી ગમ' જેવી ભવ્ય ફિલ્મો કર્યા પછી સ્વતંત્ર રીતે પહેલી 'કલ હો ના હો' જેવી સુપર-ડુપર હીટ અને ૬ ફિલ્મફેર એવોર્ડ વિજેતા ફિલ્મ બનાવનાર દિગ્દર્શક નિખિલ અડવાણીએ 'હિરો'માં વેઠ ઉતારી હોય એવું લાગે છે.

એવું પણ સાંભળ્યું છે કે 'હિરો'ના નિર્માણમાં સલ્લુભાઈએ ઘણો રસ લીધો છે... કે માથું માર્યું છે... કે હસ્તક્ષેપ કર્યો છે... વાત ને જેમ લેવી હોય તેમ લઈ શકાય, પણ એક વાત તો ઉડીને આંખે વળગે એવી છે કે, 'હિરો' નથી દિગ્દર્શકની ફિલ્મ કે નથી અભિનેતા-



રિયલ વ્યુ
હિરેન ભટ્ટ

અભિનેત્રીની ફિલ્મ... નથી લેખકની ફિલ્મ કે નથી એક્શન ડાયરેક્ટર-એડીટર-કેમેરામેન કે મ્યુઝિક ડાયરેક્ટરની ફિલ્મ!

સલમાન ખાન પ્રોડક્શનની આ ફિલ્મ સલમાન ખાનની જવાબદારી વાળી ફિલ્મ ચોક્કસ છે. સૂરજ પંચોલી અને આથિયા શેટ્ટીને સફળતાપૂર્વક લોન્ચ કરવા સલમાનભાઈએ સફળ ફિલ્મની ઓછા જોખમવાળી રિ-મેઈક ફિલ્મ બનાવવાનું જોખમ લીધું છે. 'હિરો'ને સફળ બનાવવા સલમાનભાઈ ગાયક પણ બન્યા છે. 'હિરો'માં અમાલ મલિકના સંગીત દિગ્દર્શનમાં સલમાન ખાને 'મૈં હું હિરો તેરા...' ટાઈટલ સોંગ ગાયું છે. ફિલ્મના અંતે ક્રેડીટ ટાઈટલ્સ સાથે સલમાન સ્વયં સોનેરી સ્ક્રીન પર સાક્ષાત્કાર કરાવે છે, પરન્તુ ત્યાર સુધીમાં તો પ્રેક્ષકો એટલા કંટાળી ગયા હોય છે કે સલમાન ભાઈની મર્યાદા પણ જાળવી શકતા નથી!


એવું પણ સાંભળ્યું છે કે ખુદ સલમાનભાઈ પણ ચ્યુઈંગ ગમ જેવી 'હિરો'થી અકળાઈ ગયા હતા, એટલે સલમાન ખાને એડીટરની જવાબદારી સંભાળીને ફિલ્મની લંબાઈ ૩૦ મિનિટ જેટલી ઓછી કરાવી નાખી હતી...! બોલો, એ ૩૦ મિનિટ રહેવા દીધી હોત તો તો પ્રેક્ષકોને સિનેમાઘરની બહાર લાવવા સ્ટ્રેચરનો જ ઉપયોગ કરવો પડત!!!

અજાણતા પણ જૂની અને નવી 'હિરો'ની તુલના થઈ જ જાય છે. ક્યાં જેકી શ્રોફ અને મિનાક્ષી શેષાદ્રીનો અભિનય, અને ક્યાં સૂરજ પંચોલી અને આથિયા શેટ્ટી. બન્ને નવોદિતને દિગ્દર્શકે પોતાની અભિનય ક્ષમતા દાખવવાનો અવસર મળે એવું એક પણ દૃશ્ય આપ્યું નથી. સૂરજ પંચોલી પાસે તો એક દમદાર ડાયલોગ પણ નથી! યુવાન-નવોદિતોને પ્રોત્સાહિત કરવાની આપણી ફરજ છે. ટીકા કરવાનું જરાય મન પણ નથી, પરન્તુ દુઃખ સાથે કહેવું પડે કે દિગ્દર્શક નિખિલ અડવાણી આ બન્ને નવા નિશાળીયાઓને અભિનયનો એકડો ઘૂંટાવી શક્યા નથી.

એટલું જ નહીં, 'હિરો'ના અન્ય પાત્રો પણ સાવ સામાન્ય છે. તિગ્માંશુ ધુલીયા જેવો પ્રખર અભિનેતા પણ 'હિરો'માં ખોવાઈ ગયો છે. ટી.વી.ના નાના પરદાનો અભિનેતા શરદ કેળકર રાધાના ભાઈ તરીકે પ્રેક્ષકોનું ધ્યાન ખેંચે છે, બાકીના બીજા બધા જ પાત્રો 'હિરો'ની ચમક-દમકના અંધારામાં ખોવાઈ ગયા છે.

જૂની 'હિરો'માં લક્ષ્મીકાન્ત-પ્યારેલાલ; બે સંગીતકારોએ મળીને હજુ પણ આપણા કાનમાં ગૂંજે એવી અમર વાંસળી સાથેનું યાદગાર સંગીત આપ્યું છે, જ્યારે આ 'હિરો'માં અમાલ મલિક, મીત બ્રધર્સ અંજાન અને સચિન-જીગર એમ છ-છ સંગીતકારો ભેગા મળીને પણ કંઈ ઉકાળી નથી શક્યા. ટાઈટલ સોંગની પહેલી લાઈન સિવાય કંઈ જ યાદગાર નથી.

ટૂંકમાં કહીએ તો 'હિરો'માં પેકીંગ અને પબ્લિસિટીની ચમક-દમક આંખો આંજી નાખે એવી છે. પરન્તુ 'હિરો'નું નિર્માણ, વાર્તાની પ્રસ્તુતિ અને સ્ક્રીન પ્લે તથા સૂરજ પંચોલી અને આથિયાનો અભિનય જોઈને આંખે અંધારા આવી જાય છે...! આવી ફિલ્મોથી દિગ્દર્શક નિખિલ અડવાણી અને નિર્માતા સલમાન ખાનની આંખો ઉઘડે તો સારું!!! પરન્તુ આવી ફિલ્મોને સફળ નહીં બનાવવાની આંખો (દૃષ્ટિ) તો હવે પ્રેક્ષકો પાસે આવી જ ગઈ છે.!!!





| HERO | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અભિનય | ■ | | | | | | | | | |
| સ્ક્રીપ્ટ | ■ | ■ | | | | | | | | |
| મ્યુઝિક | ■ | ■ | | | | | | | | |
| ટેકનિક | ■ | ■ | ■ | ■ | | | | | | |
| દિગ્દર્શન | ■ | ■ | | | | | | | | |
| રેટિંગ | ★★☆☆☆ | | | | | | | | | |